# ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫

# વિહંગાવલોકન

M.N Rathod
ATO, Gondal

**સંપાદન**

**એમ. એન. રાઠોડ**

**અધિક તિજોરી અધિકારી, ગોંડલ**

E-mail : ajmalsinh@gmail.com

આ ફક્ત માર્ગદર્શિકા છે તેમાં કોઈ નિયમોનાં અર્થઘટન માટે મૂળ ઠરાવો અને અધિસૂચના ધ્યાને લેવી.
આ માર્ગદર્શિકા ફક્ત અંગત ઉપયોગ અને જાણકારી માટે જ છે.

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫
બીજી આવૃત્તિ : ૧૦-૧૨-૨૦૧૮

# અ નુ ક્ર મ ણિ કા


| મુદ્દા ક્રમ | વિષય / મુદ્દો | પાના નંબર |
|---|---|---|
| ૧ થી ૪૦ | **વિભાગ – ૧ :**<br>ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ | ૧ થી ૧૩ |
| ૪૧ | Cochlear Implant (કર્ણશંકુ)ની સારવાર ખર્ચ ભરપાઇ અંગે | ૧૪ |
| ૪૨ | કર્મચારી / અધિકારીઓ અને પેન્શનરને Knee Replacement અને Hip Replacement | ૧૫ |
| | | |
| | **વિભાગ – ૨ :**<br>ફીક્સ પગારનાં કર્મચારીઓને તબીબી સારવાર ખર્ચ ભરપાઇ | ૧૫ |
| | | |
| | **વિભાગ – ૩ :**<br>ગુજરાત રાજ્યની Subordinate Judiciary ન્યાયિક અધિકારીશ્રીઓને તબીબી સારવાર ખર્ચ ભરપાઇ | ૧૬ |
| | | |
| | **વિભાગ – ૪ :**<br>રાજ્યમાં થતા વાહન અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને પ્રથમ ૪૮ની સારવાર આપવા બાબત | ૧૭ |


M N Rathod
ATO, Gondal

## વિભાગ – ૧ : ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક- એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા. ફા.), તા. ૨૪-૦૮-૨૦૧૫નાં મૂળ ઠરાવ પરથી સંક્ષેપન કરવામાં આવેલ છે. જોગવાઇઓનું અર્થઘટન મૂળ ઠરાવ મુજબ ગણાશે. વધુ જાણકારી માટે વેબસાઇટ www.gujhealth.gov.in | www.magujarat.comનો સંપર્ક કરવો.

**૧. પ્રાસ્તાવિક :**

આ નિયમો તા. ૨૪-૦૮-૨૦૧૫થી અમલમાં આવેલા છે. આ ઠરાવથી તબીબી સારવાર અંગેનાં આ પહેલાનાં નીચે દર્શાવેલ ઠરાવ સિવાય તમામ રદ કરવામાં આવે છે.

| | |
|---|---|
| ઠરાવ ક્રમાંક-એમએજી/૧૦૮૯/૮૪૩/ઘ, તા. ૧૧-૦૪-૧૯૮૯ | તા. ૦૧-૦૪-૮૯થી નાના કુટુંબને પ્રોત્સાહન આપવા બે બાળકો સુધી રીએમ્બર્સમેન્ટ અથવા તબીબી ભથ્થુ મળવા અંગે. |
| ઠરાવ ક્રમાંક- ટીબીસી/૧૦૮૮/૨૩૫૨/ઘ, તા. ૧૫-૦૭-૧૯૮૯ | ક્ષય, રક્તપિત, કેન્સર, મૂત્રપિંડનાં રોગોની સારવાર અંગેનાં નિયમો |
| ઠરાવ ક્રમાંક- ટીબીસી/ ૧૦૦૭/ એફએફએસ-૬૪/અ, તા. ૧૫-૦૭-૧૯૮૯ | |

૨. આ તારીખ પહેલાનાં તબીબી સારવાર ભરપાઇનાં કેસોમાં ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

3. આ નિયમોમાં કુલ ૨૭ નિયમો અને ૬ પરિશિષ્ટનો સમાવેશ થાય છે.

M N Rathod
ATO, Gondal

**૪. કોને લાગુ પડશે અને કોને લાગુ નહીં પડે ?**

(૧) આ નિયમો ગુજરાત સરકારનાં કર્મચારીઓ, પેન્શનરો અને ગુજરાત રાજ્યમાં વસતા ગુજરાતનાં સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતોને, ફરજમોકૂફી પરનાં કર્મચારી, અજમાયશી, ૧ વર્ષની સળંગ નોકરીવાળા વર્કચાર્જડ કર્મચારી, ૩૬૦ દિવસની હાજરીપત્રક પરનાં રોજમદાર વગેરેને લાગુ પડે છે. (નિયમ-૧.૨)

(૨) અખિલ ભારતીય સેવાનાં અધિકારીઓ લાગુ પડશે નહીં અને

(3) ફીક્સ પગારવાળા કર્મચારીઓને મૂળ ઠરાવમાં સમાવેશ કરવામાં આવેલ ન હતો (નિયમ-૧.૩ અને ૧.૪) **પરંતુ** નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક-ખરચ / ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૨)/ ઝ.૧, તા. ૨૦-૧૦-૨૦૧૫થી 'મા કર્મયોગી' યોજના શરૂ કરવાની સૂચના હતી જે નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક- ખરચ/૧૦૨૦૧૬/ ૧૨૩૪/ઝ.૧, તા. ૨૨-૧૨-૨૦૧૬થી 'મા કર્મયોગી' યોજના શરૂ કરવામાં આવી છે. 'મા કર્મયોગી' યોજના 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ લાગુ પડશે અને આ યોજનાનો લાભ નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક-ખરચ/ ૨૦૦૨/ ૫૭/ઝ.૧, તા. ૧૬-૦૨-૨૦૦૬થી નક્કી થયેલ નીતિ અન્વયે નિયમિત ભરતી પ્રક્રિયાથી ફીક્સ પગારમાં નિમણૂંક પામેલા કર્મચારીઓને મળવાપાત્ર છે.

**૫.** 'મા વાત્સલ્ય' યોજના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/ ૧૦૨૦૧૨/૪૭૧/ બ.૧, તા. ૧૩-૦૮-૨૦૧૪થી જાહેર થયેલ છે, અને તેમા વખતોવખતનાં સુધારા મુજબ લાભ મળવાપાત્ર છે.

**૬. આ નિયમો હેઠળ દર્દી એટલે ? (નિયમ-૨.૧)**

દર્દી એટલે બિમાર પડેલ સરકારી કર્મચારી કે તેના કુટુંબનો કોઇ આશ્રિત સભ્ય તથા પેન્શનરો અને તેના સંપૂર્ણ આશ્રિત સભ્ય.

**૭. આ નિયમો હેઠળ કુટુંબ એટલે (નિયમ-૨.૨)**

- સરકારી કર્મચારી/પેન્શનરનાં આશ્રિત પતિ/પત્નિ અને
- સાથે રહેતા ૨૫ વર્ષ સુધીનાં અપરણિત ભાઇ/બહેન
- અપરણિત ૨૫ વર્ષ સુધીનાં પુત્ર/પુત્રી
- કોઈપણ ઉમરનાં માનસિક અસ્વસ્થ પુત્ર / પુત્રી
- ઉક્ત તમામ આશ્રિત માટે માસિક ₹. ૫૦૦/-થી વધુ આવક ન હોવી જોઈએ.

૮. આ નિયમો માટે પેકેજ, પેકેજ રેટ, રોગ, માન્ય હોસ્પિટલ વગેરે 'માં અમૃતમ્' યોજના મુજબ રહેશે. (મૂળ ઠરાવની પ્રસ્તાવના મુજબ)

૯. કર્મચારી / પેન્શનરને નીચે દર્શાવેલી હોસ્પિટલોમાંથી સારવાર મેળવી શકે. (નિયમ-૨.૩ થી ૨.૫)

**(૧) સરકારી હોસ્પિટલ**

-PHC, CHC, આયુર્વેદિક/હોમિયોપેથીક હોસ્પિટલ/દવાખાનુ

**(૨) સરકારી સમકક્ષ હોસ્પિટલ**

- ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી
- મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત સંચાલિત તમામ દવાખાના, હોસ્પિટલ, ડીસ્પેન્સરી
- યુ. એન. મહેતા કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ
- ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ (એમ. પી. શાહ રીસર્ચ સેન્ટર, અ'વાદ)
- ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડીસીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ

**(3) એમપેનલ્ડ હોસ્પિટલ (સરકાર દ્વારા માન્ય) :**

- 'માં અમૃતમ્' યોજનામાં માન્ય કરેલ હોસ્પિટલ નિયમ-૮ મુજબ શરૂઆતનાં તબક્કાની 52 હોસ્પિટલ. વેબસાઇટ www.magujarat.com પર મુકવામાં આવેલ છે. આ યાદી સતત અદ્યતન રહે છે.

M N Rathod
ATO, Gondal

**૧૦. અધિકૃત ચિકિત્સક (નિયમ-૨.૬)**

→ સરકારી હોસ્પિટલનાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન અથવા

→ સરકારી સમકક્ષ હોસ્પિટલનાં અધીક્ષક (વર્ગ-૧) અથવા

→ સરકારી હોસ્પિટલ / સરકારી સમકક્ષ હોસ્પિટલમાં વર્ગ-૧નાં તબીબી અધિકારી ન હોઇ તો વર્ગ-૨નાં તબીબી અધિકારી અધિકૃત ચિકિત્સક ગણાશે.

**૧૧. પેકેજ રેટ (નિયમ-૨.૧૦)**

→ પેકેજ રેટ એટલે અંદરનાં દર્દી (Inpatient Treatment), દિવસની સારવાર (Day Care), વિવિધ તપાસ (Diagnostic Procedures) માટેનાં સંકલિત દર.

→ પેકેજ રેટમાં રજિ. ચાર્જીસ, એડમીશન ચાર્જીસ, રૂમ ચાર્જીસ, ઈમ્પ્લાન્ટસ, ડાયેટ ચાર્જીસ, ઓપરેશન ચાર્જીસ, ઈન્જેકશન ચાર્જીસ, ડ્રેસીંગ ચાર્જીસ, ડૉક્ટર / કન્સલ્ટેશન ચાર્જીસ, આઇ. સી. યુ. / આઇ. સી. સી. યુ. ચાર્જીસ, મોનીટરીંગ ચાર્જીસ, ટ્રાન્સફ્યુઝન ચાર્જીસ, એનેસ્થેસીયા ચાર્જીસ, ઓપરેશન થિએટર ચાર્જીસ, સર્જન ફી, દવાઓ, સર્જીકલ ડીસ્પોઝેબલ, ફીઝીયોથેરાપી, નર્સીંગ વગેરેનો સમાવેશ થાય છે.

**૧૨. સારવાર ખર્ચ :**

**(નિયમ-૩)**

→ સરકારી હોસ્પિટલ / સરકારી સમકક્ષ હોસ્પિટલમાં અંદરનાં દર્દી તરીકે લીધેલ સારવાર કોઇપણ વિકલ્પ આપેલ હોઇ તો પણ ભરપાઇપાત્ર છે.

→ કર્મચારી/પેન્શનર તબીબી ભથ્થુ મેળવતા હોઇ તો બહારનાં દર્દી તરીકે સારવાર ખર્ચ ભરપાઇ મળી શકશે નહીં.

**(નિયમ-૪)**

→ એમ્પેનલ્ડ હોસ્પિટલ (સરકાર દ્વારા માન્ય) હોસ્પિટલમાંથી કર્મચારી / પેન્શનર સારવારનો લાભ લઇ શકશે.

→ સારવાર ખર્ચનો દર સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલા પેકેજ રેટ મુજબ રહેશે.

→ એમ્પેનલ્ડ હોસ્પિટલ સાથેનાં કરાર/પેકેજ સિવાયની સારવાર સિવાયનો ખર્ચ મળી શકશે નહીં.

**૧૩. રૂમ ચાર્જ (નિયમ-૩.૧) :**

કર્મચારીઓને સરકારી હોસ્પિટલ / સરકારી સમકક્ષ હોસ્પિટલમાં નીચે મુજબ ૧૦૦ ટકા રૂમ ચાર્જ મળી શકે છે તથા આરોગ્ય વિભાગનાં તા. ૦૮-૦૩-૧૬નાં સુધારા ઠરાવથી પેન્શનરોને ચૂકવેલ નાણાંનાં ૫૦ ટકા મળવાપાત્ર છે.

| ગ્રેડ-પે | મળવાપાત્ર વોર્ડ / રૂમની કેટગરી |
|---|---|
| ₹. ૪૨૦૦ અને તેથી ઓછો | જનરલ વોર્ડ |
| ₹. ૪૨૦૧/- થી ₹. ૬૬૦૦/- | સેમી સ્પેશ્યલ વોર્ડ |
| ₹. ૬૬૦૦/- થી વધુ | સ્પેશ્યલ વોર્ડ |

M N Rathod
ATO, Gondal

**૧૪. સાંભળવાનું સાધન (નિયમ-૩.૩) :**

→ સરકારી હોસ્પિટલનાં ઈ. એન. ટી. તજજ્ઞ સર્જનનાં Audition Report મુજબનાં પ્રમાણપત્રનાં આધારે એક કાનનાં ₹. ૨૫૦૦૦/- અને બન્ને કાનનાં (₹. ૨૫૦૦૦/- + ₹. ૨૫૦૦૦) જીવનમાં એકવાર મળી શકે.

**૧૫. એમપેનલ્ડ હોસ્પિટલમાં સારવારમાં મળવાપાત્ર રીએમ્બર્સમેન્ટ (નિયમ-૪) :**

નિયમ-૮થી નક્કી કરવામાં આવેલ અને વેબસાઇટ www.magujarat.com પર મુકવામાં આવેલ અદ્યતન યાદી મુજબ એમપેનલ્ડ હોસ્પિટલમાં લીધેલ સારવાર માટે નિયમ-૨.૧૦ મુજબ નક્કી કરેલા 'પેકેજ રેટ' મુજબ સારવારખર્ચ ભરપાઇ મળવાપાત્ર છે.

**૧૬. પ્રતિસહી (નિયમ-૫) :**

**સરકારી હોસ્પિટલ અને સરકારી સમકક્ષ હોસ્પિટલ :**

→ સરકારી હોસ્પિટલ ખાતેની સારવાર માટે અધિકૃત ચિકિત્સક પ્રતિસહી કરી શકશે.

→ સરકારી સમકક્ષ હોસ્પિટલ ખાતેની સારવાર માટે તે સંસ્થાનાં અધિકૃત ચિકિત્સક પેકેજની રકમ માટે પ્રતિસહી કરી શકશે.

→ સરકારી સમકક્ષ હોસ્પિટલ ખાતે પેકેજ સિવાય અથવા બહારનાં દર્દી તરીકે લીધેલી સારવારમાં ₹.૫,૦૦૦/- પ્રતિમાસ સુધી તે સંસ્થાનાં અધિકૃત ચિકિત્સક પ્રતિસહી કરી શકશે, જ્યારે ₹.૫,૦૦૦/-થી વધુનાં કેસમાં સરકારી હોસ્પિટલનાં અધિકૃત ચિકિત્સક પ્રતિસહી કરી શકશે.

**એમપેનલ્ડ (સરકાર દ્વારા માન્ય) હોસ્પિટલ :**

→ એમપેનલ્ડ હોસ્પિટલમાંથી લીધેલી સારવારમાં તે સંસ્થાનાં તજજ્ઞ કે જેની પાસે સારવાર લીધેલી હોઇ તેની સહી તથા

→ તે સંસ્થાનાં નિવાસી તબીબી અધિકારીની પ્રતિસહી. પ્રતિસહી કરતી વખતે નિયત કરવામાં આવેલ પેકેજ, પેકેજ દર, કરાર મુજબ મર્યાદામાં છે તેની ખાતરી કરવાની રહેશે.

→ passed for paymentની રકમ સંબંધિત સરકારી હોસ્પિટલનાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સીવીલ સર્જન / નિવાસી તબીબી અધિકારીની પ્રતિસહી મેળવવાની રહે છે.

→ પ્રતિસહી વખતે પેકેજની સારવાર સંદર્ભે યોગ્યતા, પેકેજની મર્યાદાની ખાતરી કરવાની રહે છે. (નિયમ-૨૪.૨)

**૧૭. પ્રવાસ ભથ્થા (નિયમ-૭) :**

| ક્યારે મળે ? | ક્યારે ન મળે ? |
|---|---|
| જે સ્થળે દર્દી માંદો પડે એ સ્થળ અધિકૃત ચિકિત્સકનું મુખ્ય મથક ન હોય ત્યારે દર્દી આવા મુખ્ય મથકે આવવા જવાની મુસાફરી માટે પ્રવાસ ભથ્થુ મેળવવા હક્કદાર રહેશે. [નિયમ-૭.૧(ક)]<br><br>અથવા<br><br>દર્દી મુસાફરી ન કરી શકે એટલો માંદો હોય તો અધિકૃત ચિકિત્સક (વર્ગ-૧) જે સ્થળે દર્દી હોય એ સ્થળે આવવા જવાની મુસાફરી માટે મુસાફરીનો ખરેખર ખર્ચ મેળવવા હક્કદાર રહેશે. [નિયમ-૭.૧(ખ)] | દર્દી દાંતના દાક્તર કે આંખના દાક્તરની સારવાર માટે મુસાફરી માટે પ્રવાસ ભથ્થુ મેળવવા હક્કદાર રહેશે નહીં. [નિયમ-૭.૧(ખ)]<br><br>દર્દી જે જગ્યાએ બિમાર પડેલ હોય તે જગ્યાએ યોગ્ય સારવાર ઉપલબ્ધ ન હોય ત્યારે તે સ્થળનાં ચિકિત્સકની ભલામણ અન્વયે અધિકૃત ચિકિત્સક (વર્ગ-૧)નું પ્રમાણપત્ર અન્ય જગ્યાએ જવાની ભલામણ કરે ત્યારે જે સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે જવાની ભલામણ કરેલ હોય તે સિવાયની હોસ્પિટલ ખાતે દર્દીએ જો સારવાર મેળવેલ હોય તો તેવા કિસ્સામાં પ્રવાસ ભથ્થુ / થયેલ ખરેખર ખર્ચ મળવાપાત્ર થશે નહીં.<br>[નિયમ-૭.૪(ઘ)] અન્ય ઉપલબ્ધ હોય તેવી સરકારી કે સરકારી સમકક્ષ હોસ્પિટલ માટે ભલામણ કરેલ ન હોય તો પ્રવાસ ભથ્થુ ન મળે. |

M N Rathod
ATO, Gondal

**પ્રવાસ ભથ્થા કોને મળે ?**

→ દર્દીને, દર્દી સાથેનાં પરિચરને, કુટુંબનાં સભ્યને પ્રવાસ ભથ્થુ / મુસાફરી ભથ્થુ મળવાપાત્ર છે.

**પ્રવાસ ભથ્થા કયા દરે મળે ? [(નિયમ-૭.૪(ક)]**

→ સરકારી કર્મચારીઓને કર્મચારી પ્રવાસ પર હોય ત્યારે મેળવવાપાત્ર હોય એ દરે મળશે.

→ કુટુંબનાં સભ્યને કર્મચારી જે માટે હક્કદાર હોય તે વર્ગની મુસાફરી માટે હક્કદાર રહેશે.

→ પરિચર જો સરકારી કર્મચારી હોય તો તેમને મળવાપાત્ર દરે મુસાફરી ભથ્થા મળશે અને જો તે કર્મચારી ન હોય તો દર્દીને મળવાપાત્ર વર્ગની મુસાફરી કરે તે વર્ગનો કે નીચલા વર્ગની ખરેખરી મુસાફરી કરે તે વર્ગના અથવા એક વખતની ખરેખર થયેલ ખર્ચ માટે હક્કદાર રહેશે.

**૧૮. તબીબી સારવાર રીએમ્બર્સમેન્ટનાં દર (નિયમ-૯) :**

→ રાજ્ય સરકાર આ માટે જરૂરિયાત મુજબનાં માળખાની રચના કરી શકશે પરંતુ હાલનાં તબક્કે ‘મા અમૃતમ્’ યોજના મુજબનાં દરો લાગુ પડશે.

**૧૯. સારવારનું સ્થળ અને રીએમ્બર્સમેન્ટ (નિયમ-૧૦):**

**(૧) સરકારી હોસ્પિટલ (નિયમ-૧૦.૧ અને ૧૦.૨):**

→ જે તે જિલ્લાની સરકારી હોસ્પિટલમાંથી વિનામૂલ્યે સારવાર મેળવી શકાશે.

→ જે તે જિલ્લાની સરકારી હોસ્પિટલમાં સારવાર ઉપલબ્ધ ન હોઇ તો અધિકૃત ચિકિત્સક રાજ્યમાં અન્ય સરકારી હોસ્પિટલમાં રીફર કરી શકશે, સારવાર વિનામૂલ્યે મળી શકશે. પરંતુ, જો આવી હોસ્પિટલમાં સારવાર માટે ચાર્જ નક્કી કરવામાં આવેલ હોઇ તો તે ભરપાઇપાત્ર છે.

**(૨) સરકારી સમકક્ષ હોસ્પિટલ (નિયમ-૧૦.3) :**

→ સરકારી સમકક્ષ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોઇ તે સારવાર મેળવી શકશે અને તમામ ખર્ચ ભરપાઇપાત્ર (રીએમ્બર્સમેન્ટ) છે.

**(3) એમપેનલ્ડ (સરકાર દ્વારા માન્ય) હોસ્પિટલ (નિયમ-૧૦.૪) :**

→ નક્કી થયેલા રોગ, પેકેજ મુજબ સારવાર મેળવી શકાશે. તબીબી સારવાર ભરપાઇ (મેડીકલ રીએમ્બર્સમેન્ટ) સરકાર દ્વારા માન્ય પેકેજ દરે / ‘મા અમૃતમ્’નાં દરો મુજબ મળવાપાત્ર છે.

**(૪) અન્ય હોસ્પિટલ (નિયમ-૧૦.૫):**

→ કોઇ સ્થળે ઉક્ત (૧) થી (3)માં જણાવેલ હોસ્પિટલ, તે હોસ્પિટલમાં નક્કી કરેલા રોગ માટે સારવાર ઉપલબ્ધ ન હોઇ તો અધિકૃત ચિકિત્સકનાં મતે જરૂરી હોઇ તેવી યોગ્ય સારવાર પુરી પાડી શકે તેવી બીજી હોસ્પિટલમાં સારવાર મેળવી શકાશે. પરંતુ, તે માટે અધિકૃત ચિકિત્સકની પૂર્વમંજૂરી હોવી ફરજીયાત છે.

→ આવા કેસમાં રીએમ્બર્સમેન્ટ માન્ય પેકેજ દરે અને ₹. ૨.૦૦ લાખથી ઓછી રકમ માટે મળવાપાત્ર છે. (નિયમ-૨૩)

→ જે રોગ માટે રાજ્ય સરકાર દ્વારા કોઇ પેકેજ નક્કી કરવામાં આવેલ ન હોઇ તેવા રોગની સારવાર માટે થયેલ ખર્ચનું રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર નથી.

**૨૦. સારવાર માટે પેશગી (નિયમ-૧૧) :**

→ સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને એમપેનલ્ડ હોસ્પિટલમાં સારવાર ખર્ચ ₹.૧.૦૦ લાખથી વધુ થતો હોઇ તો સંભવિત ખર્ચનાં ૭૫ ટકા સુધી બિનવ્યાજુકી પેશગી મળવાપાત્ર છે.

→ અધિકૃત ચિકિત્સકનું સંભવિત ખર્ચ અંગેનું પ્રમાણપત્ર જરૂરી છે.

→ ખાતાનાં વડા ઉક્ત પ્રમાણપત્રનાં આધારે ‘તબીબી સારવાર ભરપાઇ ખર્ચ પેશગી’ મંજૂર કરી શકશે.

M N Rathod
ATO, Gondal

## ૨૧. તબીબી સારવાર ભરપાઇ (રીએમ્બર્સમેન્ટ) મંજૂરીની નાણાંકીય સત્તા (નિયમ-૧૧.૧) :

મૂળ ઠરાવનાં નિયમમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક- એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ.૧, તા. ૦૮-૦૩-૧૬થી સુધારો કરવામાં આવ્યો છે અને નાણાકીય સત્તાને હોસ્પિટલ અને અધિકારીની કક્ષા મુજબ વર્ગીકૃત કરવામાં આવ્યા છે જે નીચે મુજબ છે.

**(૧) કમર્ચારીનાં કિસ્સામાં ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે :**

| અધિકારીની કક્ષા | સરકારી હોસ્પિટલ + સરકારી સમકક્ષ હોસ્પિટલ નિયમ-૧૧.૧(અ) | એમપેનલ્ડ હોસ્પિટલ નિયમ-૧૧.૧(બ.૧) |
|---|---|---|
| **કચેરીનાં વડા** | કોઈ નાણાકીય મર્યાદા વિના મંજૂરીની સત્તા | ₹. ૨૫૦૦૦/- સુધી |
| **ખાતાંના વડા** | કોઈ નાણાકીય મર્યાદા વિના મંજૂરીની સત્તા | ₹. ૨૫૦૦૦/- થી ₹. ૧૦૦૦૦૦/- |
| **વહીવટી વિભાગનાં વડા** | કોઈ નાણાકીય મર્યાદા વિના મંજૂરીની સત્તા | ₹. ૧૦૦૦૦૦/- થી ₹. ૨૦૦૦૦૦/- |

→ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી પોતાનું તબીબી સારવાર ખર્ચ ભરપાઇ બિલ ઉપલી કચેરીને મંજૂરી અર્થે મોકલવાનું રહેશે.

**(૨) પેન્શનરનાં કિસ્સામાં :**

| અધિકારીની કક્ષા | સરકારી હોસ્પિટલ + સરકારી સમકક્ષ હોસ્પિટલ નિયમ-૧૧.૧(અ) | એમપેનલ્ડ હોસ્પિટલ નિયમ-૧૧.૧(બ.૨) |
|---|---|---|
| **તિજોરી અધિકારી** | કોઈ નાણાકીય મર્યાદા વિના મંજૂરીની સત્તા [નિયમ-૧૧.૧(અ)] | કોઈ નાણાકીય મર્યાદા વિના મંજૂરીની સત્તા [નિયમ-૧૧.૧(બ.૨)] |

ATO, Gondal

## ૨૨. રાજ્ય બહાર સારવાર (નિયમ-૧૨) :

→ સામાન્ય રીતે રાજ્ય બહારની સારવાર માટેનો ખર્ચ મજરે મળશે નહિં.

→ રાજ્યમાં સારવાર ઉપલબ્ધ ન હોઇ તેવા કિસ્સામાં અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ગાંધીનગરની પૂર્વમંજૂરીને આધિન સારવાર ખર્ચ મળવાપાત્ર છે.

## ૨૩. વિદેશમાં સારવાર (નિયમ-૧૩) :

→ સામાન્ય રીતે વિદેશમાં લીધેલ સારવારનો ખર્ચ મજરે મળશે નહીં.

→ જે કેસમાં ભારતમાં સારવાર ઉપલબ્ધ ન હોય અથવા સારવાર ઉપલબ્ધ હોય પરંતુ સંપૂર્ણ વિકસિત ન હોય તેવા સંજોગોમાં નીચેની શરતોને આધીન વિદેશમાં લીધેલ સારવારનો ખર્ચ પરત ભરપાઇ કી શકાય છે.

→ વિદેશમાં સારવાર લેવા માટે રાજ્ય સરકારની સુપરસ્પેશ્યાલીટી હોસ્પિટલનાં તજજ્ઞની ભલામણ જરૂરી છે તથા કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

## ૨૪. સરકારી કર્મચારી / અધિકારીને વિદેશમાં પ્રવાસ, તાલીમ અને પ્રતિનિયુક્તિ (નિયમ-૧૩.3) :

→ દરેક સરકારી કર્મચારી / અધિકારીએ વિદેશ પ્રવાસમાં જતા પહેલા ફીટનેશ સર્ટીફીકેટ લેવાનું રહેશે.

→ સરકારી કર્મચારી સરકારી પ્રવાસમાં, તાલીમમાં કે પ્રતિનિયુક્તિ પર વિદેશમાં હોય ત્યારે બિમાર પડે તે સંભાવનાને પહોંચી વળવા માટે પ્રવાસનાં પૂર્વે તબીબી વિમાની યોગ્ય પોલિસી મહત્તમ US $ ૧.00 લાખનો સમગ્ર ખર્ચ પુરતુ મેળવી લેવાની રહેશે. આ અંગે વિમા પોલિસીની રકમનાં ૧% અથવા ખરેખર ચૂકવેલ પ્રિમિયમની રકમ એ બેમાંથી જે ઓછું હશે તેટલી રકમ સરકારી કર્મચારીને રીએમ્બર્સ કરવાની રહેશે.

→ કર્મચારી સરકાર તરફથી વિદેશમાં તાલીમ અથવા સ્ટડી લીવ પર મોકલેલ હોય તો ઉપર જણાવેલ મર્યાદામાં મેળવેલ વિમા પોલિસી માટે ઉપર મુજબનો લાભ માત્ર કર્મચારીને જ મળવાપાત્ર રહેશે.

## ૨૫. નિવાસસ્થાને સારવાર (નિયમ-૧૪) :

→ સરકારી હોસ્પિટલનાં અધિકૃત ચિકિત્સક પરિશિષ્ટ-૨માં 'સરકારી હોસ્પિટલનો અભાવ, દૂર હોવા અંગે કે સખત માંદગીને કારણે દર્દીને નિવાસસ્થાને તબીબી સારવાર આપવી અનિવાર્ય છે' તેવુ પ્રમાણપત્ર આપ્યે સારવાર ખર્ચ રીએમ્બર્સમેન્ટ પાત્ર છે.

## ૨૬.૧. દવા માટેનાં નાણાની ભરપાઇ (નિયમ-૧૫) :

→ અધિકૃત ચિકિત્સકે લખેલી દવાઓ જ્યાથી સારવાર લીધેલી હોય તે હોસ્પિટલ / દવાખાનામાંથી શક્ય હોય ત્યાં સુધી લેવી.

→ સરકારી હોસ્પિટલ / સરકારી સમકક્ષ હોસ્પિટલમાં દવા ઉપલબ્ધ ન હોઇ તો અધિકૃત ચિકિત્સક આ નિયમો અન્વયે નક્કી કરવામાં આવેલા નમૂના-૨(અ)માં પ્રિસ્કાઇબ કરેલી હોવી જોઇએ.

→ તબીબી ભથ્થુ મેળવનાર કર્મચારીને બહારનાં દર્દી તરીકે લીધેલ સારવાર માટે રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર નથી. (નિયમ-૧૫.૧)

→ રીએમ્બર્સમેન્ટ બિલ સાથે બહારથી દવા ખરીદેલ દવાનું બિલ (કેશમેમો)માં દવા લખી આપનાર ડૉકટરની સહી કરાવવાની રહેશે.

→ રીએમ્બર્સમેન્ટ બિલ સાથે ડૉક્ટરનું પ્રિસ્ક્રીપ્શન સામેલ રાખવુ.

M N Rathod
ATO, Gondal

## ૨૬.૨. દવા માટેનાં નાણાની ભરપાઇ (ડાયાબીટીસ રોગ માટે) (નિયમ-૧૫.3) :

→ ડાયાબીટીસ રોગ નિયંત્રણ માટે ઇન્સ્યુલીનનાં ઇન્જેકશન જાતે લેતા દર્દીઓ કે જેઓ માસિક તબીબી ભથ્થુ મેળવતા ન હોઇ તેઓને ડીસ્પોઝેબલ સીરીન્ઝ અને નીડલ અધિકૃત ચિકિત્સકનાં પ્રિસ્ક્રીપ્શન મુજબ એકસાથે ખરીદેલા બિલનું રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે.

→ દર્દી જાતે લોહીમાં શર્કરાનું પ્રમાણ જાણી શકે તે માટે ગ્લુકોમીટર ₹. ૨૦૦૦/-ની મર્યાદામાં એક વખત માટે મળી શકશે, પરંતુ તે માટે સ્ટ્રીપ્સ અને નીડલનું ખર્ચ મળવાપાત્ર નથી.

## ૨૭. ગુજરાત રાજ્યનાં પેન્શનર કે જે અન્ય રાજ્યમાં સ્થાયી થયેલ છે તેને રીએમ્બર્સમેન્ટ (નિયમ-૧૫.૫) :

→ ગુજરાત રાજ્યની સેવામાંથી નિવૃત્ત થયેલ કર્મચારી / અધિકારી અન્ય રાજ્યમાં સ્થાયી થયેલ હોય તો સંબંધિત રાજ્ય ખાતે લીધેલ સરકારી દવાખાના / હોસ્પિટલ અથવા રાજ્ય સરકારે તે રાજ્યમાં માન્યતા આપેલ હોસ્પિટલ દવાખાના ખાતે લીધેલ તબીબી સારવાર માટેનાં દરો CGHS – Central Government Health Schemeનાં દરોને ધ્યાને લઇને રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે. આ માટે તેઓ જે જગ્યાએથી નિવૃત્ત થયેલ હોય તે કચેરી / વિભાગ મારફતે રીએમ્બર્સમેન્ટ મેળવવાનું રહેશે.

→ રાજ્ય સરકારની સેવામાં પ્રતિનિયુક્તિનાં ધોરણે અથવા ફરજનાં ભાગરૂપે ગુજરાત રાજ્યમાં ફરજ બજાવતા હોય તેવા કર્મચારીઓને પણ રીએમ્બર્સમેન્ટ માટે CGHS – Central Government Health Schemeનાં દરો લાગુ પડશે. આ માટેનો દાવો તેમના સંબંધિત વિભાગ મારફતે મેળવવાનો રહેશે. (નિયમ-૧૫.૬)

## ૨૮. રીએમ્બર્સમેન્ટ કલેઇમ રજુ કરવાની મર્યાદા (નિયમ-૧૬) :

→ આરોગ્ય વિભાગનાં તા. ૦૮-૦૩-૨૦૧૬નાં સુધારા ઠરાવથી

(૧) અંદરનાં દર્દી માટે સારવાર પૂર્ણ થયાની તારીખથી છ માસમાં તથા

(૨) બહારનાં દર્દી તરીકે લીધેલ સારવારનો દાવો છ માસની મર્યાદામાં તેઓનાં સંબંધિત સક્ષમ સત્તાધિકારી / કચેરીમાં રજુ થયેલ હોવો જોઇએ, અને વધુમાં વધુ છ માસનાં દાવા એકસાથે મંજૂર કરી શકાશે.

## ૨૯. પતિ – પત્નિ બન્ને સરકારી કર્મચારી હોય ત્યારે (નિયમ-૧૬.૨) :

પતિ – પત્નિ બન્ને સરકારી કર્મચારી હોય તો પોતાની સારવારનું બિલ તેઓ જ્યાં ફરજ બજાવતા હોય તે કચેરીમાં રજુ કરવાનું રહેશે. પરંતુ, તેના આશ્રિતનું બિલ કોઇપણ એક (પતિ / પત્નિ) રજુ કરી શકશે અને અન્યને (પતિ / પત્નિ) પોતાની કચેરીમાં દાવો નહીં કર્યાનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

M N Rathod
ATO, Gondal

## 30. માંદગી સબબની રજા માટે તબીબી પ્રમાણપત્ર (નિયમ-૧૬.૪) :

| સમયગાળો | માંદગી અંગેનું તબીબી પ્રમાણપત્ર આપવાની ની સત્તા |
|---|---|
| ૧૦ દિવસ સુધી | રજિસ્ટર્ડ મેડીકલ પ્રેકટીસનર |
| ૧૦ દિવસ થી 30 દિવસ | રજિસ્ટર્ડ મેડીકલ પ્રેકટીસનર + સરકારી હોસ્પિટલ / સરકારી સમકક્ષ હોસ્પિટલનાં અધિકૃત ચિકિત્સકની પ્રતિ સહી મેળવવી |
| 30 દિવસ થી વધુ | ફક્ત સરકારી હોસ્પિટલનાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન, આર. એમ. ઓ. કે અધીક્ષકની પ્રતિસહી |

## ૩૧. તબીબી ભથ્થા અંગે (નિયમ-૧૮) :

→ નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક- પગર/૨૦૧૨/૩૪૫/ ચ, તા. 03-૧૦-૨૦૧૨થી ₹. 300/- નક્કી કરવામાં આવેલ છે તે ચાલુ રાખવામાં આવ્યા છે.

→ તબીબી ભથ્થુ અથવા રીએમ્બર્સમેન્ટ લેવા માંગે છે અંગેનો વિકલ્પ પરિશિષ્ટ-૧માં આપવો. આ વિકલ્પ નાણાકીય વર્ષની વચ્ચેથી બદલી શકાશે નહીં.

**અપવાદ :**

આકસ્મિક ગંભીર બિમારીઓ જેવી કે ક્ષય, કેન્સર, રક્તપિત્ત, કીડનીનાં રોગો, હૃદયરોગ, HIV Aids વગેરે જેવા રોગમાં ચાલુ નાણાંકીય વર્ષમાં વિકલ્પ બદલી શકાશે. આ રીતે બદલાવેલ વિકલ્પ તરતનાં બે નાણાકીય વર્ષ પૂન: બદલી શકાશે નહીં. [પરિશિષ્ટ- ૧(ક)]

→ નવી નિમણૂંક મેળવતા કર્મચારીઓ નિમણૂંક મળ્યા બાદ 30 દિવસમાં વિકલ્પ આપવો. એક વર્ષની સળંગ સેવા અંગેની શરત પુરી કરતા Work charged કે જેઓને આ નિયમો લાગુ પડે છે તેવા કિસ્સામાં સંબંધિત કર્મચારીએ નિમણૂંક મળ્યા બાદ 30 દિવસમાં વિકલ્પ આપવો.

→ આપેલા વિકલ્પમાં ફેરફાર કરવાનો હોય તો નાણાકીય વર્ષ પૂર્વે ૧૦મી માર્ચ સુધીમાં આપવો.

**૩૨. મેડીક્લેઇમ પોલીસી ધરાવતા કર્મચારીઓને રીએમ્બર્સમેન્ટ (નિયમ-૨૦) :**

→ વીમા કંપનીએ ચૂકવેલ કલેઇમની રકમ + મળવાપાત્ર રીએમ્બર્સમેન્ટની રકમ સારવાર માટે ખરેખર ખર્ચેલી રકમથી વધે નહીં તે રીતે મળવાપાત્ર છે.

| A | | B | | C | D |
|---|---|---|---|---|---|
| **વીમા કંપનીએ ચૂકવેલ કલેઇમની રકમ** | + | મળવાપાત્ર રીએમ્બર્સમેન્ટની રકમ | = | સારવાર માટે ખરેખર ખર્ચેલી રકમ | તફાવતની રકમ D = (A+B)-C |

→ રીએમ્બર્સમેન્ટ મેળવતા પહેલા મેડીકલેઇમ પોલીસીની વિગતો તથા મેળવેલ મેડીકલેઇમની રકમ જાહેર કરવાની છે, ત્યારબાદ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે.

**33. Implants (કૃત્રિમ અવયવો) (નિયમ-૨૧) :**

→ સરકારી હોસ્પિટલમાં સારવારનાં ભાગરૂપે કૃત્રિમ અવયવો નાંખવામાં આવે ત્યારે ઇમ્પ્લાન્ટ્સની કિંમતનાં ૧૦૦ % રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે, સરકારી હોસ્પિટલમાં ઇમ્પલાન્ટસ ઉપલબ્ધ ન હોય ત્યારે માન્ય દરે મળવાપાત્ર છે.

→ એમપેનલ્ડ હોસ્પિટલ ખાતે લીધેલી સારવાર 'મા અમૃતમ્' યોજનાનાં દરે મળવાપાત્ર રહેશે.

M N Rathod

**૩૪. રાજ્ય બહારનાં ગુજરાતનાં પેન્શનરો માટે (નિયમ-૨૨) :**

→ રાજ્ય બહાર વસતા અને રાજ્ય બહાર પેન્શન મેળવતા પેન્શનરોને ફક્ત તબીબી ભથ્થુ મળવાપાત્ર રહેશે.

→ રાજ્ય બહારનાં ગુજરાતનાં પેન્શનર જે રાજ્યમાં સ્થાયી થયા હોઇ અને તે રાજ્યની માન્ય હોસ્પિટલમાં સારવાર લીધેલ હોય ત્યારે CGHSનાં દરે જે જગ્યાએથી નિવૃત થયેલા હોઇ તે કચેરી મારફત મળવાપાત્ર છે.

ATO, Gondal

**૩૫. ખાસ કિસ્સામાં સારવાર (નિયમ-૨૩) :**

→ આ નિયમોમાં ગમે તે જોગવાઇ હોય તો પણ ખાસ કિસ્સામાં કોઇપણ દર્દીને તેને થયેલ તબીબી સારવારનો ખરેખર ખર્ચ તથા સારવારનાં ભાગરૂપે સાધનો, દવા અન્ય સામગ્રીનો કૂલ ખર્ચ ₹.૨.00 લાખથી વધુ અને ₹. ૧0.00 લાખ સુધીની મર્યાદામાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં સચિવશ્રી / અગ્રસચિવશ્રીની અધ્યક્ષતામાં રચાયેલ સમિતિની ભલામણનાં આધારે માન. આરોગ્ય મંત્રીશ્રી મંજૂરી આપી શકશે.

→ ₹. ૧0.00 લાથી વધુનાં ખાસ કિસ્સામાં માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએ મંજૂરી મેળવવાની રહેશે.

→ 'ખાસ કિસ્સા'માં સારવાર અંગે વધુ સ્પષ્ટતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક-એમએજી / ૧૦૨૦૧૫/૬૦૧/ અ.૧, તા. ૩૦-૦૮-૨૦૧૬થી કરવામાં આવેલ છે.

→ 'ખાસ કિસ્સા' અન્વયે ગંભિર રોગ એટલે કીડની અને લીવરનાં રોગ, કેન્સર, હૃદય અને મગજનાં રોગ, ગંભિર અકસ્માત.

→ ઉક્ત રોગનાં કિસ્સામાં દર્દીનાં જીવન-મરણનો પ્રશ્ન હોય ત્યારે ખાનગી હોસ્પિટલમાં અંદરનાં દર્દી તરીકે લીધેલ સારવારનો કુલ ખર્ચ પૈકી નીચે દર્શાવેલ હોસ્પિટલનાં દરોએ ખર્ચ મજરે મળવાપાત્ર છે.

| ક્રમ | હોસ્પિટલનું નામ | જે રોગ માટેનાં દર છે તે રોગ |
|---|---|---|
| ૧ | યુ. એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીઓલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ | હૃદય રોગ માટે |
| ૨ | ધી ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ), અમદાવાદ | કેન્સર રોગ માટે |
| ૩ | ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ | કીડની અને લીવરનાં રોગ માટે |
| ૪ | શેઠશ્રી વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ, અમદાવાદ | મગજનાં રોગ અને ગંભિર અકસ્માતનાં કિસ્સામાં |

→ આ રીતે ખર્ચ મજરે મળવા / ના મળવા અંગેનો અભિપ્રાયની સત્તા અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ૫-ડૉ. જે. એમ. ભવન, ગાંધીનગરને છે.

→ આ રીતે ખર્ચ મજરે મંજૂરી / નામંજૂરી અંગેની સત્તા સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને છે.

→ આ રીતે ખર્ચ મંજૂરીની દરખાસ્ત સાથે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા. ૦૩-૧૦-૨૦૧૭નાં પત્રથી નક્કી કરવામાં આવેલ ચેકલિસ્ટ તૈયાર કરવામાં આવેલ છે તે મુજબ દરખાસ્ત મોકલવાની રહે છે.

## ૩૬. નિયમનાં ભંગ બદલ શિસ્ત ભંગની કાર્યવાહી (નિયમ-૨૪) :

M N Rathod
ATO, Gondal

### અધિકૃત ચિકિત્સક સામે (નિયમ-૨૪.૧)

→ અધિકૃત ચિકિત્સક દ્વારા, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન / નિવાસી તબીબી અધિકારી દ્વારા કરવામાં આવતી સહી / પ્રતિસહીમાં ગેરરીતિ થયેલ હોવાનું ધ્યાને આવશે તો તેવા તબીબી અધિકારી સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમ-૧૯૭૧ હેઠળ ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવશે.

→ જવાબદાર ઠર્યેથી તેમની સામે રૂખસદ (Remove from Service) / બરતરફી (Suspension)થી ઓછી ન હોય તેવી શિક્ષા કરવાની રહેશે તથા આવા અધિકારીઓની Medical Council of India દ્વારા કરવામાં આવેલ નોંધણી / માન્યતા રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

### એમપેનલ્ડ સંસ્થા સામે (નિયમ-૨૪.૨)

→ એમપેનલ્ડ હોસ્પિટલ ખાતે લીધેલ સારવાર ખર્ચ Passed for Paymentની રકમ સંબંધિત જિલ્લાનાં મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન / અધીક્ષક દ્વારા પ્રમાણિત કરવાની રહેશે તથા આપેલ સારવાર માટે જે પેકેજની સારવાર આપવામાં આવેલ છે તેની યોગ્યતાની ચકાસણી કરી, પેકેજની મર્યાદામાં પ્રતિસહી કરશે. કોઇ અનિયમિતતા હોય તો સરકારને ધ્યાને મુકવાની રહેશે.

→ સંસ્થા માટે નિયત કરવામાં આવેલ પેકેજની રકમ તથા કરારની શરતનો ભંગ થયાની બાબતે સંસ્થા સામે નાણાકીય દંડ, કાનૂની કાર્યવાહી અને ફોજદારી કાર્યવાહી હાથ ધરી શકાશે તથા આવી સંસ્થાને કાયમ માટે એમપેનલ્ડ હોસ્પિટલની યાદીમાંથી કમી કરી શકાશે.

### સરકારી કર્મચારી સામે (નિયમ-૨૪.૩)

→ જો સરકારી કર્મચારી દ્વારા ખોટુ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવેલ હોવાનું ધ્યાને આવે તો અને પુરવાર થયેથી કર્મચારીને ફરજીયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફીથી ઓછી શિક્ષા કરી શકાશે નહીં.

**પેન્શનર સામે (નિયમ-૨૪.૩)**

→ જો પેન્શનર દ્વારા ખોટુ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવેલ હોવાનું તિજોરી કચેરી દ્વારા ધ્યાને આવશે તો આવા કેસ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આ નિયમો માટે રચાયેલ સમિતિ સમક્ષ રજુ કરી કાયમનાં ધોરણે મેડીકલ રીએમ્બર્સમેન્ટ તથા તબીબી ભથ્થુ બંધ કરવામાં આવશે.

**૩૭. તબીબી સારવાર ખર્ચ ભરપાઇ બિલ માટે નિભાવવાનાં રજિસ્ટર અને પ્રમાણપત્ર :**

→ મેડીકલ રીએમ્બર્સમેન્ટ મેળવતા કર્મચારીઓ માટે દરેક ઉપાડ અને વહેંચણી અધિકારીએ પરિશિષ્ટ-૩ મુજબનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. (નિયમ-૨૪.૪)

→ ઉપાડ અને વહેંચણી અધિકારીએ રીએમ્બર્સમેન્ટનાં બિલ સાથે પરિશિષ્ટ-૩(અ) મુજબનું પ્રમાણપત્ર પગાર અને હિસાબ અધિકારી, તિજોરી અધિકારીને મોકલવાનું રહેશે. (નિયમ-૨૪.૫)

**૩૮. અપવાદરૂપ બાબતો :**

→ જો કોઇ રોગને કારણે કેટલીક શારીરિક અશક્તતા ઉભી થયેલ હોય તો તે દૂર કરવા માટે સરકારી હોસ્પિટલ કે સરકાર માન્ય સંસ્થાઓ કે જ્યાં આવી ફીઝીઓથેરાપેથીક કે ઓક્યુપેશનલ થેરાપીક સારવાર ઉપલબ્ધ હોય તો તે મળવાપાત્ર થશે પરંતુ,

૧. શારીરિક સુસજ્જતા / શક્તિ

૨. સૌંદર્યનાં હેતુ અથવા

૩. શારીરિક સુડોળતા માટે લીધેલ સારવારનું કોઇપણ ખર્ચ

૪. દાંતનાં રોગોમાં કોસ્મેટીક સર્જરી વગેરે મજરે મળશે નહીં. (નિયમ-૨૫.૬)

→ ત્રાંસી આંખ તથા મોતિયાની સારવાર ખર્ચ મજરે મળશે પરંતુ ચશ્મા, કોન્ટેક્ટ લેન્સ મળવાપાત્ર નથી. (નિયમ-૨૫.૭)

M N Rathod
ATO, Gondal

→ **પ્રસુતિ (નિયમ-૨૫.૮ અને ૨૫.૯):**

→ નોર્મલ ડીલીવરી / સીઝેરિયન **ડીલીવરી માટેનો ખર્ચ રીએમ્બર્સમેન્ટ થવા પાત્ર નથી.** પરંતુ, માતા અને બાળકનાં જીવન-મરણનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેવા અપવાદરૂપ કિસ્સામાં રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર છે.

→ પ્રસુતિનાં કિસ્સામાં પ્રથમ બે બાળકો માટે **પ્રસુતિ પહેલા અને પછીનો** સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ ખાતે લીધેલ તબીબી સારવારનો ખર્ચ મળવાપાત્ર થશે.

→ બે થી વધુ હયાત બાળકો માટે રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે નહિં.

→ **દાંતની સારવાર (નિયમ-૨૫.૧૦) :**

સરકારી હોસ્પિટલ / સરકારી સમકક્ષ હોસ્પિટલ સિવાય લીધેલ દાંતની સારવાર રીએમ્બર્સમેન્ટ પાત્ર રહેશે નહીં જેમ કે, પોલાણો પુરવા, દાંતનું ચોકઠું, દાંતને કેપ ચઢાવવી વગેરે.

**૩૯. એકથી વધુ ચિકિત્સા પદ્ધતિમાં સારવાર (નિયમ-૨૫.૧૧) :**

→ જે કિસ્સામાં એક જ સમયે બન્ને પદ્ધતિ હેઠળ સારવાર લેવામાં આવે ત્યારે તે ખર્ચ મજરે મળવાપાત્ર નથી.

→ એક જ સમયગાળા દરમ્યાન અલગ અલગ રોગ અને અલગ અલગ ચિકિત્સાપદ્ધતિએ લીધેલ સારવારનો ખર્ચ મળવાપાત્ર છે.

**૪૦. ફરજમોકૂફ કર્મચારીઓ / અધિકારીઓનો દરજ્જો નક્કી કરવા અંગે (નિયમ-૨૭.૧) :**

→ ફરજમોકૂફી હેઠળનાં સરકારી કર્મચારી / અધિકારીની બાબતમાં તેનો દરજ્જો નક્કી કરવા માટે તેમની ફરજમોકૂફીની તારીખ પહેલા તરત આકારેલ પગારને ધ્યાને લેવાશે.

**૪૧. Cochlear Implant (કર્ણશંકુ)ની સારવાર ખર્ચ ભરપાઇ અંગે :**

*Ref.:* Cambridge Dictionary મુજબ Cochlea એટલે "a twisted tube inside the inner ear that is the main organ of hearing"

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક-એમએજી /૧૦૨૧૪/ ૪૬૫૦૬૯/ અ.૧, તા. ૦૭-૦૭-૧૬થી Cochlea / કર્ણશંકુની સારવાર ખર્ચ ભરપાઇ અંગેની નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

**૧. કોને ખર્ચ મજરે મળે ?**

→ ગુજરાત સરકારનાં સરકારી કર્મચારી / અધિકારીઓ અને તેમના આશ્રિતોને.

→ Pre-lingually Deaf અને Post-lingually ખામી ધરાવતા ફક્ત ૧ થી ૧૬ વર્ષનાં બાળકોને જ Cochlear Implant સર્જરીનો લાભ મળવાપાત્ર રહેશે. [*Ref.:* Pre-lingually = deaf from birth or having acquired deafness before learning to speak (Collins English Dictionary)]

**૨. માન્ય હોસ્પિટલ :**

(૧) સરકારી હોસ્પિટલ / સિવિલ હોસ્પિટલ, અમદાવાદ અને

(૨) સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર (ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત) માં કરેલ સર્જરી સારવાર માટેનો ખર્ચ મજરે મળવાપાત્ર છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક-એમએજી/ ૧૦૨૦૧૪/૪૬૫૦૯/અ.૧, તા. ૧૭-૦૩-૨૦૧૭થી આ હોસ્પિટલ ઉમેરવામાં આવેલ છે.

**3. સારવાર મેળવવા માટેની પ્રક્રિયા :**

(૧) સરકારી હોસ્પિટલ / સિવિલ હોસ્પિટલ, અમદાવાદનાં ઇ. એન. ટી.નાં તજજ્ઞ ડૉક્ટર દ્વારા ભલામણ થયેલ મલ્ટીચેનલ Cochlear Implant જ માન્ય રહેશે.

(૨) નીચે દર્શાવેલ સમિતિની મંજૂરી અને માન્યતા મેળવવાની રહેશે.

(૧) અધિક નિયામકશ્રી, તબીબી સેવાઓ, ગાંધીનગર.

(૨) તબીબી અધીક્ષકશ્રી, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.

(3) આંખ, નાક અને ગળા (ENT)નાં તજજ્ઞ ચિકિત્સક (HOD)

(3) પ્રિ-ઇન્વેસ્ટીગેશન, જરૂરી ટેસ્ટ કરાવવાનાં રહેશે અને તેના રીઝલ્ટનાં આધારે માન્યતા / મંજૂરી મેળવવાની રહેશે.

**૪. કેટલી રકમ મજરે મળશે ?**

(૧) મહત્તમ ₹. ૫,૩૫,૦૦૦/-ની મર્યાદામાં મજરે મળશે. ઉંમર આધારે વર્ગીકૃત મર્યાદા નીચે મુજબ છે.

| ક્રમ | ઉંમર | મળવાપાત્ર રકમ |
|---|---|---|
| અ | ૧ થી ૫ વર્ષ | થયેલ ખર્ચ અથવા ₹. ૫,૩૫,૦૦૦/- બેમાંથી ઓછુ હોય તે |
| બ | ૫ થી ૧૦ વર્ષ | ₹. ૫,૩૫,૦૦૦/-નાં ૮૦% અથવા થયેલ ખર્ચ બેમાંથી જે ઓછુ હોય તે |
| ક | ૧૦ થી ૧૬ વર્ષ | ₹. ૫,૩૫,૦૦૦/-નાં ૫૦% અથવાથયેલ ખર્ચ બેમાંથી જે ઓછુ હોય તે |
| ડ | ૧૬ વર્ષથી | '૦'. ૧૬ વર્ષથી ઉપરનાં બાળકની સારવાર ખર્ચ મજરે મળશે નહીં. |

M N Rathod
ATO, Gondal

(૨) ઓપરેશન બાદ ૩ વર્ષ પછી સ્પીચ પ્રોસેસર, માઈક્રોફોન વગેરે જેવા કમ્પોનન્ટ્સ માટે / અપગ્રેડેશન માટે સમિતિની પૂર્વમંજૂરીથી નિયત થયેલ કિંમતમર્યાદાનાં ૫૦% રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે.

(3) Cochlear Implant સર્જરી પૂર્વઆયોજીત હોઇ, પૂર્વમંજૂરી ફરજીયાત છે તે સિવાયનાં ઓપરેશન માટે કોઈપણ રકમ મજરે મળશે નહીં.

(૪) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮માં Cochlear Implant સર્જરીની જોગવાઈ ન હતી માટે આવા પડતર કેસોમાં આ ઠરાવની જોગવાઈ પ્રમાણે ખર્ચ રીએમ્બર્સમેન્ટને પાત્ર ગણાશે પરંતુ, આ અંગેનાં કોર્ટ કેસોનાં કિસ્સામાં અરજદાર દ્વારા પીટીશન પરત ખેંચાયાની શરતે રકમ મજરે મળશે.

**૪૨. કર્મચારી / અધિકારીઓ અને પેન્શનરને Knee Replacement અને Hip Replacement :**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક-તસાખ/ ૧૦ / ૨૦૧૭ / ૬૨૨૦૪૮ /અ-૧, તા. ૦૧-૧૧-૨૦૧૮થી Knee Replacement અને Hip Replacement નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

| વિગત | સેવામાં હોય તેવા કર્મચારી / અધિકારીઓ અને પેન્શનર માટે મળવાપાત્ર રકમ | |
|---|---|---|
| **મળવાપાત્ર રકમ** | એક ઘૂંટણ / થાપા માટે ₹. ૪૦,૦૦૦/- અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને થયેલ કુલ ખર્ચ બન્નેમાંથી ઓછી હોય તેટલી રકમ અને બન્ને ઘૂંટણ / થાપા માટે ₹. ૮૦,૦૦૦/- અથવા દવાઓ અને ઇમ્પ્લાન્ટ મળીને કુલ ખર્ચ બન્નેમાંથી ઓછી હોય તેટલી રકમ. | |
| **માન્ય હોસ્પિટલ** | સરકારી, સરકારી સમકક્ષ, એમપેનલ્ડ અને અન્ય ખાનગી હોસ્પિટલ | |
| **મંજૂરીની પ્રક્રિયા** | સંબંધિત જિલ્લાનાં RMO / Civil Surgeon ઉપર મુજબની રકમની ચકાસણી કરી પ્રતિસહી કરાવવાની રહેશે. | |
| **મંજૂરીની સત્તા** | **<u>કર્મચારી / અધિકારીઓનાં કિસ્સામાં</u>**<br>ઉપર મુજબ પ્રક્રિયા બાદ નિયમ-૧૧.૧માં સોંપેલ નાણાકીય સત્તાઓ પ્રમાણે સક્ષમ સત્તાધિકારીએ મંજૂરી આપવાની રહેશે. | **<u>પેન્શનરનાં કિસ્સામાં</u>**<br>ઉપર મુજબ પ્રક્રિયા બાદ નિયમ-૧૧.૧(બ.૨)માં સોંપેલ નાણાકીય સત્તા પ્રમાણે તિજોરી અધિકારીએ મંજૂરી આપવાની રહેશે. |
| **ક્યારથી મળશે?** | તા. ૦૧-૦૪-૨૦૧૮ અને તે પછી મેળવેલ સારવારનાં તમામ કેસોમાં લાગુ પડશે. | |

M N Rathod
ATO, Gondal

## વિભાગ – ૨ : ફીક્સ પગારનાં કર્મચારીઓને તબીબી સારવાર ખર્ચ ભરપાઇ

ફીક્સ પગારવાળા કર્મચારીઓને મૂળ ઠરાવમાં સમાવેશ કરવામાં આવેલ ન હતો (નિયમ-૧.૩ અને ૧.૪) **<u>પરંતુ</u>** નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક-ખરચ / ૨૦૦૨/ ૫૭/ (પાર્ટ-૨)/ ઝ.૧, તા. ૨૦-૧૦-૨૦૧૫થી 'મા કર્મયોગી' યોજના શરૂ કરવાની સૂચના હતી જે નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક- ખરચ/૧૦૨૦૧૬/ ૧૨૩૪/ઝ.૧, તા. ૨૨-૧૨-૨૦૧૬થી 'મા કર્મયોગી' યોજના શરૂ કરવામાં આવી છે. 'મા કર્મયોગી' યોજના 'મા વાત્સલ્ય' યોજનાની પેટર્ન મુજબ લાગુ પડશે અને આ યોજનાનો લાભ નાણા વિભાગનાં ઠરાવ ક્રમાંક-ખરચ/ ૨૦૦૨/ ૫૭/ઝ.૧, તા. ૧૬-૦૨-૨૦૦૬થી નક્કી થયેલ નીતિ અન્વયે નિયમિત ભરતી પ્રક્રિયાથી ફીક્સ પગારમાં નિમણૂંક પામેલા કર્મચારીઓને મળવાપાત્ર છે. 'મા વાત્સલ્ય' યોજના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક-એફપીડબલ્યુ/ ૧૦૨૦૧૨/૪૭૧/ બ.૧, તા. ૧૩-૦૮-૨૦૧૪થી જાહેર થયેલ છે, અને તેમા વખતોવખતનાં સુધારા મુજબ લાભ મળવાપાત્ર છે.

## વિભાગ – 3 : ગુજરાત રાજ્યની Subordinate Judiciary ન્યાયિક અધિકારીશ્રીઓને તબીબી સારવાર ખર્ચ ભરપાઇ

(૧) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮નાં નિયમ - ૧(3)(ક)થી જિલ્લા અને સિવિલ કોર્ટનાં ન્યાયાધીશશ્રીઓને આ નિયમો લાગુ પડતા ન હતા. પરંતુ, કાયદા વિભાગનાં ઠરાવ ક્રમાંક-પે /ડબલ્યુપીસી/ ૧૦૨૦૦૪/ ૧૭૩/ ડી, તા. ૦૪-૦૨-૨૦૦૮થી આ નિયમો લાગુ કરવામાં આવ્યા હતા.

(૨) કાયદા વિભાગનાં ઠરાવ ક્રમાંક-પે /ડબલ્યુપીસી/ ૧૦૨૦૦૪/ ૧૭૩/ ડી, તા. ૦૪-૦૨-૨૦૦૮નાં નિયમ-૧ થી ૧૪થી Subordinate Judiciaryનાં અધિકારીશ્રીઓને વિશિષ્ટ જોગવાઇ લાગુ પડે છે. આ ઠરાવનાં શેડ્યુલ-૧થી 'નોટીફાઇડ હોસ્પિટલ'ની યાદી જાહેર કરવામાં આવેલ હતી. આમ, Subordinate Judiciaryનાં અધિકારીશ્રીઓને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૧૯૮૮ અને સદરહુ ઠરાવનાં નિયમ-૧ થી ૧૪ મુજબની જોગવાઇ મુજબ સારવાર ખર્ચ મજરે મળે છે.

(3) કાયદા વિભાગનાં ઠરાવ ક્રમાંક- એમએઆર/એમએઆર/૧૦૯૯/ ૧૬૧૩/ડી, તા. ૧૯-૧૧-૨૦૧૨થી સ્પષ્ટતા કરવામાં આવેલ છે અને ઠરાવવામાં આવેલ છે કે, ન્યાયિક અધિકારીશ્રીઓએ કોઇપણ ખાનગી હોસ્પિટલ / તબીબ પાસે લીધેલ સારવાર પછી તે ઠરાવ તા. ૦૪-૦૨-૨૦૦૮થી નોટીફાઇડ હોઇ કે નહીં તો પણ સારવાર ખર્ચ મજરે મળવાપાત્ર છે.

(૧) સદરહુ ઠરાવનાં નિયમ-૪ મુજબ સારવાર ખર્ચની રકમ પરનાં રીએમ્બર્સમેન્ટમાં કોઇ મર્યાદા મુકવામાં આવેલ નથી.

(૨) સદરહુ ઠરાવનાં નિયમ-૫ મુજબ તાબાનાં ન્યાયિક અધિકારીશ્રીનાં સારવાર ખર્ચનાં રીએમ્બર્સમેન્ટની મંજૂરી મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીનાં કિસ્સામાં હાઇકોર્ટ મંજૂરી આપશે.

(3) સદરહુ ઠરાવનાં નિયમ-૬ મુજબ સારવાર ખર્ચનાં રીએમ્બર્સમેન્ટ માટેનાં પરિશિષ્ટમાં નિવાસી તબીબી અધિકારી (વર્ગ-૧)થી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા સિવિલ હોસ્પિટલનાં ચિકિત્સકની પ્રતિસહી મેળવવાની રહેશે.

(૪) સદરહુ ઠરાવનાં નિયમ-૮ મુજબ ન્યાયિક અધિકારીશ્રીઓ અને નિવૃત્ત ન્યાયિક અધિકારીશ્રીઓને સારવાર ખર્ચ ઉપરાંત ₹.૧00/- તબીબી ભથ્થુ નક્કી કરવામાં આવેલ હતુ જે Hon'ble Justice E. Padmnabhan Committeeની ભલામણ મુજબ કાયદા વિભાગનાં ઠરાવ ક્રમાંક- પે/૧૦૨૦૧૦/ ૧૦૧૨/ડી, તા. 03-0૮-૨૦૧૧થી ₹. ૧000/- નક્કી કરવામાં આવેલ છે.

(૫) સદરહુ ઠરાવનાં નિયમ-૯ મુજબ નિવૃત્ત ન્યાયિક અધિકારીશ્રીનાં કિસ્સામાં તે જે જગ્યાએ સ્થાયી થયા હોય તે જિલ્લાનાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રી કાર્યવાહી કરશે અને જિલ્લા ન્યાયાલય દ્વારા સારવાર ખર્ચ ચૂકવવામાં આવશે.

(૪) આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક- એમએજી/ ૧૦૨૦૦3 /૨૭૧૨ / અ(પા. ફા.), તા. ૨૪-૦૮-૨૦૧૫થી 'ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫' અમલમાં આવતા અને જૂના ૧૯૮૮નાં નિયમો રદ થતા નવા ૨૦૧૫નાં નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ઉક્ત તા. ૧૯-૧૧-૨૦૧૨નાં ઠરાવમાં નાણા વિભાગની મંજૂરીનો સંદર્ભ નથી.

M N Rathod
ATO, Gondal

## વિભાગ – ૪ : રાજ્યમાં થતા વાહન અકસ્માત બાદ ઈજાગ્રસ્તોને પ્રથમ ૪૮ની સારવાર આપવા બાબત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્રમાંક- હસપ/૧૨૨૦૧૮/ન. બા. ૩૧/અ, તા. ૧૬-૦૫-૨૦૧૮થી ગુજરાતનાં કોઈપણ વિસ્તારમાં થયેલા કોઈપણ વાહન અકસ્માતમાં ઈજા પામેલા વ્યક્તિને અકસ્માતનાં પ્રથમ ૪૮ કલાક માટે નિશ્ચિત નાણાકીય મર્યાદામાં મફત તબીબી સારવાર મળી રહે અને આરોગ્ય સુરક્ષા પ્રદાન થાય તે માટે ₹. ૫૦,૦૦૦/- સુધીની મફત તબીબી સારવાર આપવામાં આવશે.

**લાભાર્થી :**

કોઈપણ વ્યક્તિ નાણાકીય પરિસ્થિતિ, રાજ્ય અથવા રાષ્ટ્રીયતાને ધ્યાનમાં લીધા સિવાય ગુજરાતની હદમાં થયેલ વાહન અકસ્માતનો ભોગ બનનાર તમામ ઈજાગ્રસ્તો.

**સહાય :**

અકસ્માતનાં પ્રથમ ૪૮ દરમ્યાન બનાવ દીઠ ₹. ૫૦,૦૦૦/-ની મફત સારવાર તાત્કાલિક મળવાપાત્ર રહેશે.

**માન્ય હોસ્પિટલ :**

રાજ્યની તમામ સરકારી હોસ્પિટલ, ટ્રસ્ટ સંચાલિત તથા ખાનગી હોસ્પિટલ.

M N Rathod
ATO, Gondal